ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



મિલિન્દ ગુપ્તે
પ્રમુખ
શ્રી ગજાનન સેવા સમિતિ
મો. ૯૦૯૯૦ ૨૩૨૦૨



જય પંચોલી
ધી ટ્રાવેલ નેટવર્ક
મો. ૮૯૦૫૩ ૬૨૯૩૧



દર્પી ઘનશ્યામભાઈ પટેલ
મો. ૯૯૨૫૦ ૪૯૦૧૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે ટ્રાફિક અવેરનેસ અંગે સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં મંગળવારે ગાંધીનગર આરટીઓ ટીમના પ્રૉજેક્ટ ઍક્ઝિક્યુટીવ પ્રતીક દવે તથા પ્રૉજેક્ટ ટ્રેનર દિક્ષિત પટેલ દ્વારા ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓમાં ટ્રાફિક અંગે જાગરૂકતા કેળવાય તે માટે વિવિધ નિશાનીઓની ઓળખ સાથે અકસ્માત નિવારણ તથા અકસ્માત વખતે કેવી રીતે મદદરૂપ થવું તે અંગેની સમજ આપવામાં આવી હતી. આ અંગેના સ્લાઈડ શોનું નિદર્શન પણ વિદ્યાર્થીનીઓ સમક્ષ કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલે પણ વિદ્યાર્થીની બહેનોને ટ્રાફિકના નિયમોનો અમલ કરવાની શીખ આપી હતી.

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા મહિલા દિવસની ઉજવણી નિમિત્તે રેલી અને કાર્યક્રમ





ન્યૂ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં કાર્યરત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી બુધવારે કરવામાં આવી હતી. આ પ્રસંગે ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વની સાથે કદમ મિલાવી શાળાના વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફે ભેગાં મળી 'બેટી બચાવો, દેશ બચાવો', 'નર-નારી એકસમાન, થશે અવશ્ય દેશ સમ્માન' જેવાં બૅનર અને સૂત્રોચ્ચાર સાથે શાળાથી પાંચેક કિમી અંતરમાં રેલી કાઢી નારી શક્તિને વેગ આપવા તથા નારીનું સન્માન કરવાનો સફળ પ્રયત્ન કર્યો હતો. શાળાના મૅનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ ધોરણ-૧૨, ૧૦ના વિદ્યાર્થીઓને આગામી બૉર્ડની પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# રાંધેજામાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મહિલા દિવસ ઉજવાયો






ગાંધીનગર, તા.૮

આજે ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ મહિલા દિવસ ૨૦૧૭ની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે એમ.બી. એ.- રૂરલ મેનેજમેન્ટના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા મહિલાશક્તિની પ્રતીક જાગરૂકતા રૈલી કાઢી જેમાં અભિપ્રેરક પોસ્ટર પ્રદર્શન કર્યા અને બેટી બચાવો જેવા પ્રસંગિક સૂત્રોચ્ચારો પણ કર્યા હતા. રૈલી ગ્રામ વ્યવસ્થાપન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ પરિસરથી ગામમાં ફરીને કૃષ્ણાનગર પ્રાથમિક શાળામાં પહોચી અને ત્યાં ગામનાં બાળકો સાથે પ્રાસંગિક ભાષણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યું હતું.

કૃષ્ણાનગર પ્રાથમિક શાળાની મુખ્ય શિક્ષિકા પારૂલબેન મોદીએ શાળાનાં વિદ્યાર્થિઓને જાગરૂક કરવા અને માહિતીસભર કરવાના હેતુથી વિશ્વ મહિલા દિવસની પ્રાસંગિકતા વિશે જણાવ્યું અને કહ્યુ કે એવું નથી કે મહિલાઓને આજના દિવસે જ યાદ કરવાની જરૂર છે પણ એ દિવસ પ્રેરણા આપે છે કે સમાજની દરેક વ્યક્તિએ મહિલાઓને કાયમ માન-સમ્માન આપવું જોઈએ.

શાળાની ૮માં ધોરણની નાની દિકરી વનિતાએ પોતાના કાવ્યાત્મક વ્યાખ્યાનમાં કન્યા ભ્રૂણ હત્યા અટવવા અને શારીરિક-શૈક્ષણિક વિકાસમાં ભેદભાવ ન વર્તવા માટે માતાને કરૂણાભરી ભાવભીની આપીલ કરી હતી.

કાર્યક્રમ સંચાલક સ્વંયસેવકોની ટીમના સભ્યો અંકિતા મિશ્રા, હિના વણકર, કૌશિકસોલંકી, ચિન્તન તથા મેહુલ કોઈટિયા સંયુક્ત રીતે મંતવ્યો રજૂ કરતા કહ્યું કે આજે મહિલાઓ ઘણા ક્ષેત્રોમાં પુરૂષોની જેમ આગળ આવ્યા છે. ગ્રામ વ્યવસ્થાપન વિભાગની છાત્રા નીતાબેન ડાભીએ આઝાદી પહેલા અને આઝાદી પછી મહિલાઓની પરિસ્થિતિ વિશે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે સમાજમાં સ્ત્રિઓનું ઘણી રીતે શોષણ થાય છે. કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને વિશ્વ મહિલા દિવસની સાર્થકતાનાં અનુસંધાને કહ્યું કે દેશમાં મહિલાઓ હજી સમ્પૂર્ણ પણે સશક્ત નથી પણ તેમને સશક્ત થવું પડશે.

# શહેરમાં વિશિષ્ટ શિક્ષકો દ્વારા દિવ્યાંગજનો માટે ટીએલએમ



શ્રી નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર આઈડીઍસઍસ યોજના અંતર્ગત ધોરણ૯થી ૧૨ના દિવ્યાંગ બાળકોનાં શિક્ષણની કામગીરી કરી રહ્યું છે. તાજેતરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર ખાતે બે દિવસનો શિબિર આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં પ્રજ્ઞાચક્ષુ, માનસિક વિશિષ્ટ અને શ્રવણ વિશિષ્ટ તેમજ અસ્થિવિશિષ્ટ વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉપયોગી એવાં ટીઍલઍમ આ સંસ્થાના વિશિષ્ટ શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે આરઍમઍસઍ પ્રૉજેક્ટ ડિરેક્ટર રાજેન્દ્રભાઈ પંડ્યા, તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ બી પટેલ, એડીઆઈ પંકજભાઈ પટેલ અને સંસ્થાના પ્રમુખ એ સી પટેલે ઉપસ્થિત રહી શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

મારું સમર્પણ
જોઈતું હતું ને તને ?
લે થઈ ગયો ખાક
તારા પ્રેમમાં !

- કુંતલ નિમાવત

# નિબંધ લેખન સ્પર્ધામાં શ્રી જે બી શાળા દ્વિતિય સ્થાને

ગાંધીનગર, તા. ૮

શ્રી અરવિંદ કેન્દ્ર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે બાળકોની મધુર માતા વિષયે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુંહતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાંથી ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર નિબંધ લેખન કર્યુંહતું. શાળાના ધોરણ-૮ઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શૈલેષ આર ચૌધરીએ સુંદર નિબંધ લેખન કરી દ્વિતિય વિજેતા ક્રમ સાથે રૂપિયા ૧૫૦નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું જેને આચાર્ય નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## અંસારી પરિવારનું ગૌરવ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ, સૅક્ટર-૨૩ દ્વારા આયોજિત તેજસ્વી તારલા સમારોહ અને વાર્ષિકોત્સવમાં શ્રી મોહિબઅહેમદ બી અન્સારીએ સમગ્ર ધોરણ-૬માં ૯૧.૨૧ ટકા સાથે પ્રથમ ક્રમની ટ્રૉફી અને રૂા. ૨૮૨૦નો ચૅક સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈના હસ્તે પ્રાપ્ત કર્યોહતો તથા ઑલ ઈન્ડિયા રામાનુજમ મૅથ્સ ક્લબ દ્વારા આયોજિત ૧૧મા નૅશનલ સાયન્સ કોન્વોકેશનમાં તૃતિય સ્થાનની ટ્રૉફી અને રૂા. ૧૨૫૦નો ચૅક મુખ્ય મહેમાન મનોજ શુક્લના હસ્તે મેળવ્યો હતો. ઉપરાંત ભારતીય સંસ્કૃતિની પરીક્ષામાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ આચાર્ય દશરથભાઈ પટેલે આ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર અન્સારી પરિવારે મોહિબઅહેમદની આ સિદ્ધિઓને બિરદાવતાં ગૌરવની લાગણી વ્યક્ત કરી છે.

# શિવાનીદીદીએ પાયો જીવનની જડીબુટ્ટીનો અર્ક

## કળિયુગમાંથી સતયુગ તરફ પ્રયાણ કરવા દિવ્યાત્માની બે કલાકની સમાધિ બાદ પંદરસો માણસની પીનડ્રૉપ સાયલન્ટ ઍક્ઝિટ સાથે ગાંધીનગર કલ્ચરલ ફૉરમે આયોજિત કરેલા અને બ્રહ્માકુમારી શિવાનીદીદીએ પાયેલા અર્કના પ્યાલાએ કેટલાંયના જીવનમાં પરિવર્તનનો પવન ફૂંક્યો

સફેદ વસ્ત્રોમાં સજ્જ અને 'ૐ શાંતિ'નો સંદેશો ફેલાવતાં બ્રહ્માકુમારી સંસ્થાનાં શિવાનીદીદી એટલે ધર્મપ્રિય લોકોનાં દિલમાં આસ્થા જગાવતું નામ. સતત બે કલાક સુધી શાંતિથી એક જ વાતને સતત ઘૂંટ્યા કરે કે 'તમે પોતે દિવ્યાત્મા છો' અને 'તમે જ ફરિશ્તા છો'. સહજતાથી સ્વીકાર્ય એવી વાત કે આપણે લોકોનું કલ્યાણ કરવાનું છે, બીજાને આશીર્વાદ આપવાના છે. કોઈ ઉદાહરણ નહીં, કોઈની ટીકા નહીં, મશ્કરી નહીં... બસ જાત સુધારવાની શાંતિપ્રિય વાતથી સતયુગ તરફ દોરી જવા માટે શિવાનીદીદી બોલતાં રહ્યાં અને પરિણામ હૉલમાં ઉપસ્થિત પંદરસો માણસ મૌન ધારણ કરી ઘર તરફ કંઈક બદલાવના સંકલ્પ સાથે પહોંચ્યા



વિશ્વ મહિલા દિવસના સ્વાગત માટે વિશ્વવિખ્યાત શિવાનીદીદી એમના વકતવ્યથી અર્ક વ્યાખ્યાનમાળાના આઠમા મણકાને યાદગાર બનાવી ગયા. ગાંધીનગર કલ્ચરલ ફોરમનાં સંગીતજ્ઞ બહેનો ભક્તિ જોષી, આરતી ભટ્ટ, રક્ષિતા ઉપાધ્યાય, લવના ધોળકિયા, અલકા પટેલ અને ગાયત્રી વૈદ્ય ભચેજ દ્વારા 'ૐ તત્ સત્ શ્રી નારાયણ તું...' પ્રાર્થનાથી ભક્તિમય શરૂઆત થઈ. સફેદ વસ્ત્રોમાં સજ્જ સ્વયંસેવકો અને શાંતિથી શિસ્તબદ્ધ સ્થાન ગ્રહણ કરતાં ભાવકોએ મૅડિકલ ઑડિટોરિયમ હૉલ પગથિયાં સુધી પૅક કરી દીધો હતો. ધાર્મિક પ્રવચન સાંભળવા આટલી ઉત્સુકતા પણ કદાચ પ્રથમવાર જ જોવા મળી હતી.

આધ્યાત્મિક શિક્ષક અને પ્રેરણાદાયી વક્તા શિવાનીદીદી યુવા વયે જ વક્તા તરીકે ખ્યાત બન્યાં છે. છેલ્લાં દસ વર્ષથી આસ્થા ચૅનલ પર અસ્ખલિત પ્રવચનો આપે છે. ઈલૅક્ટ્રોનિક્સ ઍન્જિનીયરિંગ સુવર્ણ ચંદ્રક સાથે ઉત્તીર્ણ કરનારાં શિવાનીદીદીને એક કાર્યક્રમમાં એમનાં શિક્ષકોની ગેરહાજરીમાં ભાવકો સાથે પ્રશ્નોત્તરી કરવાનો મોકો મળ્યો અને તેઓ મોટિવેટર તથા વક્તા તરીકે સ્થાપિત થયાં. અત્યારે અવેકનિંગ વિથ શિવાની અને સુરેશ ઑબેરૉય સાથે 'હૅપ્પીનેસ અનલિમિટેડ' જેવાં ઑન ડિમાન્ડ કાર્યક્રમમાં વિચારોની સુવાસ ફેલાવે છે એવો સરસ પરિચય શ્વેત વસ્ત્રધારી હિરેન ભટ્ટે કરાવ્યો.

ભારતભૂમિનાં સન્નારી જેમણે ઍસેન્સ ઑફ લાઈફ આપી છે અને




૨૦૧૪માં વિમેન ઑફ ડિકેડ તરીકે નવાજાયાં છે એવા શિવાનીદીદી એ અર્ક વ્યાખ્યાનમાળાની પ્રથમ પસંદગી હતાં એવું કલ્ચરલ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું. માર્ગો મુલાયમ અને મન ખરબચડાં બન્યાં છે, મકાન મોટાં અને મન સાંકડાં બન્યા છે એવામાં મનમાં લાગેલાં ઈન્ફૅક્શનને દૂર કરવાની જરૂર છે અને એમાં આવી અર્ક વ્યાખ્યાનમાળા જડીબુટ્ટીનું કામ કરે છે. શિવાનીદીદીને સ્વાગતમાં અપાયેલા સફેદ ફૂલોના ગુલદસ્તા એમણે કૈલાશદીદી અને કૃષ્ણકાન્ત જહાને સન્માનિત કરીને પરત આપતાં એમની વિનમ્રતાને લોકોએ વંદન કર્યા.

શિવાનીદીદીએ રાજયોગ મૅડિટેશન, સૅલ્ફ મૅનૅજમૅન્ટ, હૅપ્પીનૅસ ઈન્ડેક્સ, ઈમોશનલ ઈન્ટેલિજન્સ જેવાં અનેક કાર્યક્રમો આપ્યાં છે. આજે એમણે માણસની અંદર છુપાયેલા પુણ્યાત્માનો એક્સ રે કાઢી આપ્યો, જેમણે સતત એવું જણાવ્યું કે આપણે જ પ્રભુ છીએ. આપણે જ ફરિશ્તા છીએ, આ દુનિયાના કલ્યાણની શરૂઆત આપણે જ કરવાની છે. આપણને ખુશી, શાંતિ, સન્માન અને પ્રેમ જોઈએ છે, બધાંને બધું જોઈએ છે તો આપણે કોણ ? આપણે જ આપવાની શરૂઆત કરવાની છે.

વાતે-વાતે ગુસ્સો કરવો એ સામાન્ય છે, એનાથી ખરેખર નુકસાન પોતાનું જ છે. આજથી આપમે ગુસ્સો નહીં કરીએ એટલો સંકલ્પ કરીએ. કોઈપણ વસ્તુ અતિ થાય ત્યારે એનો અંત થાય છે. પરોઢિયે જે જાગે છે એના માટે સતયુગ અને સુવે એના માટે કલિયુગ છે. જે ગુસ્સો કરે તેનું બીપી, શ્યુગર, કૉલેસ્ટ્રૉલ વધે, જે ન કરે એ તો મસ્તરામ થઈને ફરે... સ્વર્ગ-નર્ક આપણાં વિચારોમાં જ છે. જાતે જ પૂજનીય બનીએ. દિવસે મગજમાં ૭૦થી ૮૦ હજાર વિચારો પ્રગટ થાય છે. જેવા વિચાર એવી ફિલિંગ્સ. સંકલ્પથી પોતાની સૃષ્ટિ બદલાશે. શરીરની, કપડાંની ઉંમર છે, આત્મા અટલ, અમર, અવિનાશી છે, જે ખોળિયું બદલે છે.

આપણી અંદર પ્રિરેકોર્ડેડ સીડી છે, જે આગલા જનમની છે. પછી બે સીડી ભેગી થાય, એ માંડ મેચ થાય ત્યાં ત્રીજી, ચોથી એમ પરિવાર બને... એક જ ઘરમાં અન્ન, પાણી, ખોરાક સરખાં હોવા છતાં બધાં અલગ-અલગ કેમ છે ? કારણ રેકોર્ડેડ છે, આપણે બધાં અલગ છીએ પણ ગલત નથી. એક વિચાર જે મગજમાં ચાલે અને બીજા શબ્દો જે બોલીએ એ બંને અલગ છે. જેવું વિચારીશું એવું બનશે. 'સોચ બદલો, દેશ બદલેગા', જેવું અન્ન તેવું મન, જેવું પાણી તેવી વાણી. આપણું ધન, આપણું અન્ન, આપણું તન અને આપણું મન સાત્ત્વિક હોવાં જોઈએ.

આશીર્વાદ આપવાના હોય, માગવાના નહીં. લોકો જેવાં છે એવાં સ્વીકારી લો. ભગવાનના સ્મરણ સાથે બને તે ભોજન પ્રસાદ બને છે. આપણા વિચારો વાયુમંડળમાં ફરતા હોય છે. સામેની વ્યક્તિ આપણે અપેક્ષા પ્રમાણે જ વર્તે તો આપણે ખુશ અન્યથા આપણે દુખી. આપણે ભગવાનની પૂજા કરીએ છીએ, ખરેખર તો આપણે પૂજનીય થવા પ્રયત્ન કરવો જોઈએ. હૉટલમાં ખાવાના કૉન્સેપ્ટ સાથે કળિયુગ આવ્યો હશે, અપેક્ષા કરતાં સ્વીકારતાં થઈશું એટલે સતયુગનો પ્રારંભ થશે. રોજ-બ-રોજની ઘટમાળમાં જ્યારે આપણે સ્વકેન્દ્રી બનીને લાવ-લાવ કરીએ છીએ, એમાં આવો પવિત્ર અર્કનો પ્યાલો આપણને પુણ્યાત્મા અને ફરિશ્તા બનવાનો માર્ગ ચીંધે છે. બ્રહ્માકુમારી શિવાનીદીદીએ સ્પષ્ટ ઍક્સ-રે કાઢીને નિદાન કર્યું કે દવા-ઉપાય આપણા હાથમાં છે. મૅડિટેશન અને મોટીવેશનલ વિચારોથી જીવન પ્રત્યે સભાનતા આવશે એવો વિશ્વાસ સૌને થયો.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**